ડીસાનાં રસાણા ગામે પ્રેમાશાક્ત પત્નીનું કારસ્તાન : પતિની ઘાતકી હત્યા

ડીસા, તા. ૯

ડીસા માં પોતાના પતિની પ્રેમ પ્રકરણ માં અંધ બનેલી પત્ની એ હત્યા કરી નાખ્યા ની સનસનીખેજ ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં ડીસા નજીક ના નાના રસાણા ગામમાં પરિણીતાએ એકાદ માસ અગાઉ

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પોતાના જ પતિની હત્યા કરીને ૧૦૦ જેટલા ટૂકડાં કરી કુવામાં ફેંકી દીધા હોવાનું પોલીસ તપાસ માં કબુલ્યું હતું, જેબાદ ની તપાસમાં પોલીસે મૃતક ની લાશ એક કુવામાં થી બહાર કાઢી હતી અને પત્ની વિરુદ્ધ હત્યાનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરેલ છે, પોલીસ તપાસ દરમિયાન આ હત્યાનો સમગ્ર મામલો બહાર આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર સાથે અરેરાટી પ્રસરી જવા પામી છે.

સભ્ય સમાજમાં જયારા અનેતિક સબંધો ઘૃણા અને ધિક્કારપાત્ર છે. ત્યારે આવા સબંધો જયારે બંધાય છે ત્યારે કેવા ભયાવહ પરિણામો આકાર લે છે તેનો રુવાડા ઉભા થઈ જાય તેવો કિસ્સો ડીસા નાં નાનારસાણા ગામે પોલીસ ચોપડે નોધાયો છે .આ સનસનીખેજ કાઈમ ની વિગતો જોઈએ તો ડીસા તાલુકાના નાના રસાણા ગામે ખેતરમાં રહેતા અમરાજી સ્વરૂપજી ઠાકોર(ઉ.વ.૩૫)ના લગ્ન ૧૫ વર્ષ અગાઉ ઢુવા ગામની સૂર્યાબેન સાથે થયાં હતાં. તેમના દામ્પત્યજીવનમાં ત્રણ સંતાનો અવતર્યા હતા.

દરમિયાન એક મહિના અગાઉ અમરાજી ઠાકોર ગુમ થઈ ગયા હતા. ત્યારે ૧૫ દિવસ અગાઉ તેમના વડોદરા ખાતે રહેતા બહેન ગીતાબેન ઠાકોર મળવા માટે આવ્યા હતા. તેઓએ અમરાજી અંગે ભાભી સૂર્યાબેનને પૂછતાં તેઓ બહારગામ ગયા હોવાનું જણાવ્યું હતું.પરંતુ ૧૫ દિવસ બાદ પણ અમરાજીના કોઈ સમાચાર કે સંપર્ક ન થતાં ગીતાબેનને શંકા જતા તેમના કાકા પ્રતાપજી મોહનજી ઠાકોરને જાણ કરી હતી. આથી તેમણે ડીસા તાલુકા પોલીસ મથકે તેમનો ભત્રીજો અમરાજી ઠાકોર ગુમ હોવાની જાણવા જોગ ફરીયાદ કરી હતી. જેના આધારે પોલીસે અમરાજીના પત્ની સૂર્યાબેનના કોલ ડીટેઈલની તપાસ કરાવતાં શંકા જતાં તેમની કડક પૂછપરછ કરી હતી. જેમાં તેણી ભાંગી પડી હતી. અને એક મહિના અગાઉ પતિ અમરાજીની હત્યા કરી તેની લાશ ઘર આગળ જ દાટી દીધી હોવાનું તેમજ બે દિવસ અગાઉ લાશને બહાર કાઢી તેના ટુકડા કરી કૂવામાં ફેંકી દીધા હોવાનું કબલ્યું હતું.

આ સમગ્ર મામલા માં પોતાના ભાઈ અમરાજી સ્વરૂપજી ઠાકોર ને વડોદરા થી મળવા આવેલી તેમની બહેન ગીતાબેન દીલીપજી ઠાકોર ની જાગૃતિ કામે લાગી હતી, જેને પોતાની ભાભી નાં વર્તન અને વ્યવહાર પર શંકા જતા કંઈક અમંગલ થવાની ભીતિ સેવી હતી, અને તે બાદ શંકા આધારે તેમને ડીસા તાલુકા પોલીસ નો સંપર્ક સાધ્યો હતો, જોકે પોલીસ ની લાલ આંખ સામે પત્ની એ હત્યા કર્યા નું કબુલ્યું હતું, આ ઘાતકી હત્યા કેશમાં ચાર બહેનો એ પોતાનો ભાઈ ગુમાવતા આઘાત અનુભવ્યો હતો,

જોકે અમરાજી સ્વરૂપજી ઠાકોર એક માસ થી ગુમ થયાની અરજી મળતા અને પરિવારે તેની પત્ની અન્ય એક વ્યક્તિ સાથે આડા સબંધ રાખતી હોઈ તેને જ તેની હત્યા કરાવી હોવાનો શક કરતા આ કામની તપાસ કરનાર પોલીસ ઈન્સ્પેકટર રઘુવરસિહ ભદોરિયા એ

૪૮ કલાક માં આ ગુના નો ભેદ ઉકેલ્યો હતો. અને મૃતકની લાશને બહાર કઢાવી તપાસ હાથ ધરી હતી. પોલીસે કૂવામાંથી વિકૃત બની ગયેલી લાશના ટુકડા બહાર કાઢ્યા હતા. જેમાં ડીવાયએસપી દેસાઈ, પીએસઆઈ ભદોરિયા અને મામલતદાર સહિતનો કાફલો પહોંચ્યો હતો. કુવામાં સીડી ન હોવાથી બે મજૂરોને દોરડાં વડે અંદર ઉતરાયા. ૧૫૦ ફુટ જેટલા ઉંડા કુવામાં પાણી ન હોતુ એટલે મજૂરોએ કોથળાઓ ભરી ભરીને દોરડાથી બાંધીને બહાર મોકલ્યા. કુવાની બહાર કપડું પાથરીને કુવામાંથી આવેલા કોથળા ઠલવાયા. તેમાથી કચરો અને લાશના ટૂકડાં અલગ કરવામાં આવ્યા. આ દરમિયાન એફએસએલને પણ જાણ કરી દેવામાં આવી હતી. અને મૃતક ની હત્યા કરનાર પત્ની સુર્યાબેન ને ઝડપી મૃતક ની લાશ નાં કુવામાં થી અવશેષો કઢાવી, એફ. એસ. એલ. ટીમ સાથે રાખી આ સમગ્ર ઘૃણિત હત્યાકાંડ ની તપાસ હાથ ધરી હતી .

અરવલ્લી જિલ્લામાં ગરમીના પ્રકોપથી રાહત આપતાં લીંબુનો ભાવ પ્રતિ કિલો ૧૨૦ થતાં મોંઘવારીથી દાઝયા પ્રજાજનો

મોડાસા, તા.૯

સમગ્ર દેશ અને ગુજરાત રાજયમાં એપ્રિલ મહિનો છેલ્લા સપ્તાહથી ગરમીની સિઝનમાં દિન પ્રતિદિન આકરો બનતો જાય છે ત્યારે અરવલ્લી જિલ્લામાં તો આભમાંથી અગન ગોળા વરસી રહ્યા છે ત્યારે જિલ્લામાં લીંબુના ભાવમાં પ્રતિ દિન વધારો જોવા મળવાના સાથે છેલ્લા અઠવાડિયાથી લીંબુના ભાવ પ્રતિકિલો ૧૦૦ થી ૧૨૦ રહેતા લોકોને લીંબુથી અળગા રહેવાનું પસંદ કરવાનું મુનાસીબ માનવા લાગ્યા છે.

ગરમીના દિવસોમાં લીંબુનું શરબત શકિતદાયક ઉપરાંત સ્વાસ્થ્ય માટે લાભદાયી સાબિત થતું હોવાથી ગરમીની સીઝનમાં લીંબુનો મહત્તમ ઉપાડ થતો હોવાથી લીંબુના ભાવ આસમાને પહોંચી ગયા છે. લીંબુનો પ્રતિ કિગ્રાનો ભાવ રૂ. ૧૦૦થી ૧૨૦ પહોંચતા અને હજુ ગરમીની સીઝનમાં વધારો થવાનો હોવાથી લીંબુના ભાવ પ્રતિ કિગ્રા ૧૮૦ની આસપાસ પહોંચવાની શકયતા જણાતા જિલ્લાની ગૃહિણીઓ ભાવ સાંભળીને દાંત ખાટા થઈ રહ્યા હોવાથી ગરમીની સીઝનમાં લૂમાં ઠંડક મેળવવા માટે ગૃહિણીઓ અળગી રહેતી હોવાનું વહેપારીઓએ જણાવ્યું હતું. બળબળતા ઉનાળામાં ડિહાઈડ્રેશનના શિકાર સામે રક્ષણ આપવા માટે લીંબુ એ સૌથી મહત્વનું ફળ છે અને ગૃહિણીઓ પોતાના પરિવારને ગરમી અને લૂમાં ઠંડક મેળવવા માટે શરબતમાં લીંબુનો વ્યાપક ઉપયોગ કરતી હોય છે. પરંતુ લીંબુના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓ લીંબુનો ઉપયોગ કરવાનું ટાળી રહી છે.

મોડાસા હોલસેલ વહેપારી રફીકભાઈના જણાવ્યા અનુસાર ચાલુ વર્ષે શિયાળાની ઠંડી દરમિયાન પડેલા કમોસમી વરસાદ-માવઠાની અસરના કારણે લીંબુના ઉત્પાદન પર અસર થતાં લીંબુના ઉત્પાદનમાં ઘટાડો


(તસવીર : જય અમીન, મોડાસા)

જોવા મળી રહ્યો છે જયારે ગરમીમાં એકાએક વધારો જોવા મળતાં પ્રજાજનોની માંગ સામે પૂરતા પ્રમાણમાં જથ્થાની આવક બજારોમાં ન થતાં લીંબુના ભાવ આસમાને પહોંચી ગયા છે. સામાન્ય રીતે પ્રતિ કિગ્રા ૩૦ થી ૪૦ રૂ. રહેતા લીંબુના ભાવ લગ્ન સીઝન અને ગરમીના કારણે ૧૦૦થી ૧૨૦ રૂ. પહોંચી જતા અને ખરીદનાર ગ્રાહક વર્ગ લીંબુથી અળગો રહેતા લીંબુનો વેપાર કરતા ફેરીયાઓને પણ નુકશાન ભોગવવું પડતું હોય છે.

પાલનપુરમાં સ્ટુડન્ટ પોલીસ સમર કેમ્પ યોજાયો

પાલનપુર, તા. ૯

પાલનપુર મુકામે પોલીસ હેડક્વાર્ટર ખાતે તા. ૩ થી ૯ મે

સુધી બનાસકાંઠા જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી આયોજીત સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ સમર કેમ્પનો સમાપન સમારોહ પોલીસ અધિક્ષકશ્રી ચિરાગ કોરડીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ખુબ ઉત્સાહભર્યા માહોલમાં યોજાયેલ આ સમર કેમ્પમાં જિલ્લાની વિવિધ સ્કુલોના ૨૫૦ વધુ બાળકોએ ભાગ લીધો હતો. તેમને કરાટે, ઘોડેસવારી, કસરત શિખવાડવામાં આવી હતી અને રાયફલ બતાવી તેનો ઉપયોગ કેવી રીતે કરવો, જેલ, કલેકટર ઓફિસ, એસ.પી. ઓફિસ તથા બાલારામ રિસોર્ટની મુલાકાત કરાવવામાં આવી હતી. સમર કેમ્પના સમાપન સમારોહ પ્રસંગે જુદી જુદી સ્કુલના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ચિરાગ કરોડીયાએ જણાવ્યું હતુ કે વિધાર્થીઓમાં દેશપ્રેમની ભાવના વિકસે, બાળકો બાળપણથી સ્વચ્છતાના પાઠ શીખે અને તેની સાથે સાથે તેમનામાં રહેલી પોલીસ વિશેની ભ્રમણઓ દૂર થાય તે માટે રાજય સરકાર ધ્વારા સુરક્ષા સોસાયટીની રચના કરવામાં આવી છે. સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પોલીસ અને પ્રજા વચ્ચેનું અંતર દૂર થાય તે માટે પોલીસ ધ્વારા અનેકવિધ કાર્યક્રમોનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે. તેમણે બાળકોને કહ્યુ કે તમારા ગામ કે સમાજમાં ક્યાંય બાળકો, મહિલાઓ અને

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

અસશક્તો પર અત્યાચાર થતો હોય તો ચુપ નહી બેસી રહેતા તેની જાણ પોલીસને કરીએ અને અન્યને મદદરૂપ થઈએ. તેમણે સમર કેમ્પમાં ભાગ લીધેલ બાળકોની પ્રવૃત્તિઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે અગ્રણીશ્રી હરેશભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ચિરાગ કરોડીયાના માર્ગદર્શન હેઠળ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ખુબ સરસ કાયક્રમો યોજાય છે જેનો લાભ બાળકો સહિત જિલ્લાની પ્રજાને મળે છે.

આ સમર કેમ્પમાં બેસ્ટ એક્ટીવીટી કરનારા બાળકોને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આઈ.પી.એસ.શ્રી રાહુલકુમાર, નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.એમ.પરમાર અને શ્રી નિનામા સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને સારી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

સે-૧૭ની સગીરાને ભગાડી જતા પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સે-૧૭ની સગીરા વયની કિશોરીને કોઈ અજાણ્યો ઈસમ ઉઠાવી ગયાની સે-૨૧ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સે-૧૭માં રહેલી ૧૭ વર્ષની સગીરાને ગત સાંજના સુમારે કોઈ અજાણ્યો ઈસમ લલચાવી ફોસલાવી લઈ ગયો હોવાની ફરિયાદ ગુમ સગીરાના પરિવારજનોએ સે-૨૧ પોલિસ મથકમાં નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે ગુમ સગીરાની શોધખોળ હાથ ધરી છે.

સુરક્ષા મજબૂત

● અનુસંધાન પહેલાનું ચાલુ

વેપારનો વધતો વ્યાપ,ચાંચિયાગીરી અને આતંકી પ્રવૃત્તિને નજરમાં રાખી નૌસેના વધુ જોમ અને જુસ્સાથી પોતાની ફરજ બજાવે છે ત્યારે સરદાર પટેલ નેવલ બેઝ બનતા હવે નેવલ સબમરીન ડિપ્લોઈમેન્ટની કામગીરી પણ અહિથી થઈ શકશે. આ વેળાએ કોમોડોર બી.આર.પ્રકાશે કમિશનિંગ વોરંટનું વાંચન કર્યું હતું. મુખ્યમંત્રીને ૫૦ ગાર્ડનું સન્માન આપવામાં આવ્યું હતું. તેમણે ભારતમાં નિર્મિત આઈ.એન.એસ.કોલકાત્તા જહાજનું નિરીક્ષણ કર્યું હતું. અન્ને એ નોંધવું જોઈએ કે, ગુજરાતમાં સર્વપ્રથમ નેવલ સૌરાષ્ટ રખાયું હતું. તેની પેટા શાખા એટલ કે પોરબંદર ખાતે દ્વારકા-૨ હવે સરદાર વલ્લભાઈ પટેલ નેવલ બેઝ તરીકે ઓળખાશે.

મથાસરામાં વધામણાનું ચૂરમું ખાતા ૧૦૨ને ખોરાકી ઝેરી અસર

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠાના ખેડબ્રહ્માના આદિવાસી પંથકમાં હોળીધૂળેટીના તહેવારો પૂર્ણ થયા બાદ અને ખેડૂતો ખેતી કામમાંથી પરવારીને આદિવાસી સમાજના રીતરિવાજ મુજબ હગ, નાત અને વધામણાની વિધિ કરવામાં પરોવાઈ જાય છે. દરમિયાન શુક્રવારે પોશીના તાલુકાના કોટડા પાસે આવેલા મથાસરા ગામે વધામણાની વિધિ પ્રસંગે ઘઉંનું ચૂરમુ ખાતા ૧૦૨ ને ખોરાકી ઝેરી અસર થઈ હતી. જે અંગે આરોગ્ય વિભાગને જાણ થતાં અધિકારીઓની ટીમ ૧૦૮ની ચાર એમ્બ્યુલન્સ વાન લઈને મથાસરા ગામે દોડી આવ્યા હતા. અને સારવાર માટે ખેડબ્રહ્મા સામુહિક આરોગ્ય કેન્દ્ર ,વડાલી અને રાજસ્થાનના કોટડા ખાતે આવેલ હોસ્પિટલમાં મોકલાયા હતા.શુક્રવારે મોડી રાત્રે તમામ ને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે મથાસરા ગામે શુક્રવારે સાંજના સુમારે સોવનાભાઈ ફુલાભાઈ ગમારના ઘરે ભોજાભાઈ તલાભાઈ ગમારનો અને ટાઢીવેડી ગામના મળી બે સંઘો વધામણાની વિધિ (માતાજીની બાધા) કરવા આવ્યા હતા. બાધા ઉતાર્યા બાદ ઉપસ્થિત અંદાજે ૨૮૦થી વધુ લોકોને પ્રસાદરૂપે ઘઉંના રોટલાનું ચૂરમુ પિરસવામાં આવ્યુ હતું. ત્યારબાદ નાના બાળકો, મહિલાઓ સહિત પુરૂષો મળી ૧૦૨ જણાને પેટમાં ચૂંક ઉપડી હતી. ત્યારબાદ એકાએક તબિયત લથડતા ઝાડાઉલટી શરૂ થઈ ગઈ હતી.

જે અંગે ખેડબ્રહ્મા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં જાણ કરાઈ હતી.દરમિયાન લાંબડીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ડૉ.હરિન યાદવ, દેલવાડાના ડૉ.બી.એસ.ગઢવીને જાણ થતાં ચાર ૧૦૮ એમ્બ્યુલન્સ વાનના કાફલા સાથે હિંમતનગર જીલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ ટીમ સાથે દોડી આવ્યા હતા. આ અંગે જીલ્લા આરોગ્ય વિભાગના એપેડેમિક અધિકારી ડૉ.અરુણસિંહ ભાટીએ જણાવેલ કે માથસરામાં ૧૦૨ જણાને ઝાડા ઉલટી ચુરુમું ખાવાથી થયા હતા જેમાં ૫૪ પુરુષ,૪૮ મહિલા અને ૧૫ વર્ષ થી ઓછી ઉમરના ૭૪ અને ૧૫ થી વધુ ઉમરના ૨૮ જણાનો સમાવેશ થાય છે પ્રાથમિક સ્થળ પર સારવાર અપાઈ હતી ત્યારબાદ આરોગ્ય ટીમે ૧૦૮ ધ્વારા ખેડબ્રહ્મા,વડાલી અને કોટડા આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડાયા હતા અને શુક્રવારે મોડી રાત્રે તમામ ડીસ્ચાર્જ કરવામાં આવ્યા હતા.

હિંમતનગર નાગરિક બેંકની ૧૧ બેઠકો માટે ચૂંટણી

હિંમતનગર, તા. ૯

હિંમતનગરની અગ્રણી ગણાતી નાગરિક સહકારી બેંકના ૧૨ પૈકી ૧ બેઠક બિનહરીફ થતા ૧૧ બેઠકો માટે રવિવારે હિંમત હાઈસ્કૂલમાં ૫૦ ઈવીએમની મદદથી ૧૧ બુથમાં અંદાજે ૩૦ હજારથી વધુ મતદારો મતદાન કરશે. ત્યારબાદ મતગણતરી શરૂ થશે. જેથી મોડી રાત સુધીમાં ચૂંટણીનુ પરિણામ જાહેર થઈ જશે.

આ અંગે ચૂંટણી અધિકારી યોગેશભાઈ ગાંધીના જણાવ્યા અનુસાર સહકારી કાયદામાં થયેલા ફેરફારને કારણે આ વખતે હિંમતનગર નાગરિક સહકારી બેંકની ૧૨ બેઠકોની ચૂંટણી તા. ૧૦ મે ના રોજ યોજવાનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. દરમિયાન અનુસુચિત જાતિ અને જનજાતિ વિભાગની એક બેઠક બિનહરીફ થતા ૧૧ બેઠકોની ચૂંટણી યોજાશે.

આ વખતે હિંમતનગર નાગરિક સહકારી બેંકની ચૂટણીમાં મતદાન કરવા માટે ૫૦ ઈવીએમ મશીનનો ઉપયોગ કરાશે. જેના માટે હિંમત હાઈસ્કૂલમાં ઉભા કરાયેલા ૧૧ બુથમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદારો પોતાના ઉમેદવારોને મત આપશે. બીજી તરફ છેલ્લી ઘડીએ મતદારોને રીઝવવા માટે ઉમેદવારોએ એડી ચોટીનું જોર લગાવ્યું છે. જેથી ઉનાળાના બળતા બપોરમાં પણ ઉમેદવારો મતદારોને આરામમાંથી ઉઠાડીને મત આપવા માટે અપીલ કરી હતી. જોકે નાગરિક બેંકની ચૂંટણીમાં અગાઉની જેમ મતદારો પોતાનું મન ઉમેદવારોને કળવા દેતા નથી. જેથી ચૂટણીના પરિણામો પરથી મતદારો કોને સ્વીકારે છે તે ખબર પડશે. હાલ તો ઉમેદવારો જીતના દાવા કરી રહ્યા છે. પરંતુ કોણ કેટલા પાણીમાં છે તે પરિણામ જાહેર થયા બાદ ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

સર્વિસ રોડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૪૧ કરોડના ખર્ચને મંજુરી આપી દેવામાં આવી છે. આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે .ચ-૦ થી ઇન્દીરાબ્રિજ સુધીના સર્વિસ રોડને પહોળો કરાશે. જયારે રૂટમાં આવતા બે બ્રિજને પણ નવા બનાવાશે.

સર્વિસ રોડને ફોરલેન બનાવવાની યોજના પૂર્ણ થયા બાદ મુખ્ય માર્ગો પરથી ટ્રાફિકનુ ભારણ ઘટશે. જેના લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચેનો વાહનવ્યવહાર પણ સરળ બનશે.સર્વિસ રોડને ફોરલેન બનાવવાની કામગીરી શરુ થતા હજુ ચાર મહીના જેટલો સમય લાગશે.

કલરવના બાળકોએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરબાના તાલે બાળકોએ રંગબેરંગી છત્રી તથા માથે ગરબો મુકી સુંદર પ્રસ્તુતિ કરી હતી. માઈમ અને રાજુની રામાયણ જેવી કૃતિઓએ બાળકોને અભિવ્યક્તિની તક પુરી પાડી હતી. ત્યારબાદ રજુ થયેલા પંજબાના ભાંગડાએ દર્શકોને આનંદિત કરી મુક્યા હતા. 'અચુતમ કેશવમ્ ક્રિષ્ન દામોદરમ્...' શબ્દોના તાલે નાની-મોટી બાળકીઓએ ભરત નાટ્યમ્‌ની સુંદર પ્રસ્તુતી કરી હતી.

દિકરી એટલે સ્નેહનો ક્યારો, દિકરી એટલે આંગણાને મહેંકાવતુ મધમધમતુ ફુલ.. એક પિતાની દિકરી પ્રત્યેની લાગણી પ્રસ્તુત કરતી કૃતિ 'લાડકી'માં ગાંધીનગરની બાલકીઓએ રંગ જમાવી દીધો હતો. કૃતિના શબ્દો 'તેરી લાડકીમે, છોડુગીંના તેરા સાથ, છોડુંગીના તેરા હાથ...' શબ્દોએ ઉપસ્થિત વાલીઓએની આંખો ભીંજવી દીધી હતી. ત્યારબાદ રજુ થયેલા 'હે મેરી લાડો, તુને પીયા ઘર જાના..'માં બાળકો હરિયાણવી નૃત્યુની પ્રસ્તુતી કરી હતી. જાત મહેનત જિન્દાબાદ નાટકમાં બાળકોની અદ્‌ભૂત સંવાદ શક્તિ અભિનય શક્તિનું પ્રદર્શન થયુ હતુ સાથે જ બાળકોને નાટકના માધ્યમથી સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો. બાઈ સારા વીરા મને પીહર લેજા... ગીતના શબ્દો સાતે બાળકીઓએ રાજસ્થાની નૃત્યની પ્રસ્તુતી કરી હતી. પાની રીમઝીમ બરસા... ગીતના તાલે બાળકોએ મહારાષ્ટ્રની નૃત્ય શૈલીનું પ્રદર્શન કર્યુ હતુ. કથ્થક-ભરત નાટ્યમના ફ્યુઝન ડાન્સની પ્રસ્તુતી અદ્‌ભૂત રહી હતી. શ્રીજીનો રાસ ચગ્યો ઝાકમઝોળ...ના શબ્દોએ બાળકોએ ગુજરાતના આગવા નૃત્યુ રાસની પ્રસ્તુતી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સૌને અંચબિત અને આશ્ચર્યચકિત કરનાર કૃતિની પ્રસ્તુતી કલરવના સભ્યોએ કરી હતી. મારૂ મન મોહી ગયુ અને વગડાની વચ્ચે દાડમડી...જેવા ગરબાના તાલે સંસ્થાના સભ્યોએ જે અદ્‌ભુત કૃતિ રજુ કરી તેના પર દર્શકો આફરીન પોકારી ગયા.

કાર્યક્રમના અંતે બધા જ બાળકોએ ઈન્ડિયા વાલે..ગીત પર મન મુકીને ડાન્સ કર્યો. જેમાં સંસ્થાના સભ્યો અનેવાલીઓ પણ જોડાયા.

બાળકોને વિવિધ કૃતિઓ અને રંગ મંચલક્ષી કલાની તાલીમ ગાંધીનગરના જાણીતા તજજ્ઞો પ્રકાશલાલા, નીતિન પટેલ, જયતિ બ્રહ્મભટ્ટ, મીતિ ભટ્ટ, નીતિન દવે, ભાવેશ ત્રિવેદી, કિન્નરી પટેલ અને તારક પંડ્યાએ આપી હતી. સમગ્ર કાર્યક્રમ તથા તાલીમની સફળતામાં સંસ્થાના પ્રમુખ શ્રી કમલ કિશોર જૈન, ઉમાબેન ભટ્ટ, હિમાદ્રી વ્યાસ, અનિલ જૈન, મનિષા જૈન, સપના જૈન, ભાવેશ એરડા, નરેશ ઠાકર, કલ્પના ઠાકર, આશાબેન સરવૈયા, વર્ષા પારેખ, તથા જયશ્રી ખેતિયા અને અન્ય સભ્યોએ સુંદર સહયોગ આપ્યો હતો.

'સ્માર્ટ સ્કૂલ' બનશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સમયાંતરે પાછી હજુ વધુ તાલિમ આપવામાં આવશે આઈસીટી બ્લેટફોર્મને કારણે બાળકોને ઈ લાયબ્રેરીની સુવિધા મળવાની સાથે સાથે તેમનું નિયમિત મૂલ્યાંકન પણ સરળતાથી થઈ શકશે એટલુ જ નહિ તેનું મોનીટરીંગ કરવા માટે ખાસ ટીમ રાજ્યકક્ષાએ અને જિલ્લાકક્ષાએ કાર્યરત રહેશે.

આ આઈ સીટી બ્લેટ ફોર્મની સાધન સામગ્રીના ઈન્સ્ટોલેશનની કામગીરી હાલ ચાલુ હોવાનું જણાવતાં શિક્ષણ વિભાગના સૂત્રોનું કહેવું છે કે જિલ્લાના પ્રાથમિક શિક્ષણમાં ગુણાત્મક સુધારની દિશામાં કેટલાક વધુ મહત્વના પગલાંઓ આગામી દિવસોમાં લેવાશે.

આ શાળાઓનું લોકાર્પણ આગામી પ્રવેશોત્સવ દરમ્યાન કરવામાં આવે તેવા નિર્દોશે પણ આ સૂત્રો આપી રહ્યા છે. શિક્ષણ તંત્ર દ્વારા આ પાયલોટ પ્રોજેક્ટની શાળાઓ અમદાવાદ-ગાંધીનગરમાં પસંદ થઈ છે. તેનો પ્રતિસાદ જોયા પછી આગળ વધવામાં આવશે.

જિલ્લાના પ્રાથમિક શિક્ષણમાં શૈક્ષણિક સ્તરમાં સુધારાત્મક અને ગુણાત્મક સુધારાઓ અમલી બનાવવાના સંકેતો શિક્ષણમંત્રી અગાઉ આપી ચુક્યા છે તે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, જીઆઈડીસી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર

જાહેર નોટીસ

ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (મધુર ડેરી), ગાંધીનગરમાં ફરજ બજાવતા મીનાબેન ડી. ચૌધરીને તા. ૨૮/૪/૨૦૧૫ના રોજથી ડેરીએ બરતરફ (ડીસમીસ) કરેલ છે. ગાંધીનગર ડેરીના નામથી કોઈએ તેમની સાથે કોઈ વ્યવહાર કરવો નહીં અને જો કરશે તો તે અંગે, તેની અંગત જવાબદારી રહેશે. મધુર ડેરીની કોઈ જવાબદારી રહેશે નહીં. જેની નોંધ લેવી.

મેનેજીંગ ડીરેક્ટર

શબ્દાવલી - ૫૭૨૫

૧		૨	■	૩	૪		■
	■	૫				■	૬
૭	૮		■	૯		૧૦	
■		■	૧૧	■	■	૧૨	
૧૩				■	૧૪		■
■		■		■	૧૫		૧૬
૧૭	■	૧૮		૧૯		■	
૨૦			■		■	૨૧	

આડી ચાવી

૧. પહેરેલા સાડલાનો લટકતો છેડો (૩)
૩. લક્ષણ, ગુણ, છાપ (૩)
૫. ગોઠવણ, તપાસ, વ્યવસ્થા (૪)
૭. રત્ન, હિરા (૩)
૯. લોકોનો મત (૪)
૧૨. ઇચ્છા... આપવી, પુરી થવી (૨)
૧૩. સાવ ખાલી (૪)
૧૪. રિવાજ, રસમ (૨)
૧૫. માંકડ (૪)
૨૦. ઝેર, વખ (૩)
૨૧. બકાલુ, બટાકા-રીંગણ દૂધી વગેરે (૨)

ઊભી ચાવી

૧. ગામની શરુઆતમાં... હોય છે (૩)
૨. જન્મ સ્થળ, મૂળ... (૩)
૩. માદળીયુ (૩)
૪. ઋતુ (૩)
૬. રૂ કાઢી કાંતેલો તાર (૩)
૮. મુશ્કેલી, સગવડ (૪)
૧૦. ખુબ વધારે, પુષ્કળ (૪)
૧૧. સુગંધનો ફેલાવો, મહેક(૪)
૧૪. રાંધેલો ભાત, ચોખા (૩)
૧૬. દેખાવ, નુર, તેજ (૩)
૧૭. ગળામાં દોરડાનો... નાંખી થતું મોત (૨)
૧૮. ખરલ, મુર્ખ (૨)
૧૯. આનંદ, મોજ (૨)

શબ્દાવલી ૫૭૨૪ના જવાબ

આડી ચાવી :- (૧) બજરંગબલી (૬) ગર (૭) પલક (૮) તમા (૯) નર (૧૧) વાદી (૧૨) ગપ (૧૪) મજાલ (૧૫) વશીકરણ (૧૭) મજા (૧૯) ગયુ (૨૧) તકીયાકલામ

ઊભી ચાવી :- (૧) બલવાન (૨) રંગત (૩) ગરમાળો (૪) લીપણ (૫) તકવાદી (૧૦) રણશીયુ (૧૧) વાલમ (૧૩) પક (૧૪) મણ (૧૫) વગ (૧૬) રણકી (૧૮) જાલીમ (૨૦) પાક